બીટીપીએ રાજ્યસભા ચૂંટણી માટે મતદાન ન કર્યું

આદિવાસીઓના પ્રશ્ને આંદોલન : છોટુ વસાવા

ગાંધીનગર,તા.૧૯ બીટીપીના છોટુભાઈ વસાવા અને મહેશ વસાવાએ મતદાન શરૂ થયું ત્યારે આપેલી ચીમકી પ્રમાણે રાજ્ય સભાની ચૂંટણી માટે વોટિંગ નથી કર્યું. બંને ધારાસભ્યોએ વોટિંગ ન કરતા તેનો સીધો ફાયદો ભાજપને થયો છે. બંને ધારાસભ્યો જો કૉંગ્રેસ પક્ષમાં વોટિંગ કરતા અને ભાજપનો કોઈ વોટ રદ થતો તો તેનો ફાયદો કૉંગ્રેસ ઉમેદવાર ભરતસિંહને મળી શકતો હતો. બંને ધારાસભ્યોએ વોટિંગ ન કરતા હવે વોટિંગનું ગણિત બદલાયું છે. જે પ્રમાણે ભાજપના ત્રણ ઉમેદવાર વિજેતા થાય તે નક્કી છે. જ્યારે કૉંગ્રેસમાંથી ભરતસિંહની હાર નક્કી છે. બીટીપીએ મતદાન ન કરવાની જાહેરાત કરીને પોતે આંદોલન કરવા માટે ઘરે જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. સાથે જ તેમણે આક્ષેપ લગાવ્યો હતો કે બંને પાર્ટીઓએ ફક્ત વચનો આપ્યા છે, કામ નથી કર્યું.

રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન નહીં કરવાની જાહેરાત બાદ છોટુભાઈ વસાવાએ પોતાના ઘરે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જેમાં તેમણે કહ્યુ હતું કે, "અમારી માંગણી સંતોષાઈ નથી અને એ લોકો સંતોષી શકે તેમ પણ નથી. અમે કહ્યું હતું કે તમારું જ્યાં જ્યાં શાસન છે ત્યાં શિડ્યૂલ ૫ લાગૂ કરો. એ લોકો નથી કરી રહ્યા એટલે અમે મતદાન ન કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત અમને જરા પણ એવું નથી લાગતું કે આ લોકો અમારા પ્રશ્નોનું નિરાકરણ લાવશે. આ માટે જ મત નથી આપતા. ભાજપા કહે છે કે અમે બીટીપી સાથે છીએ પરંતુ જો સાથે હોય તો અમારું કામ કેમ નથી કરતા? ભાજપ અને કૉંગ્રેસ અમારા લોકોનો બળદ તરીકે ઉપયોગ કરે છે."

છોટુભાઈ વસાવાએ વધુમાં જણાવ્યું કે, "ચૂંટણી હોય એટલે બધા લોકો સંપર્ક કરે છે. અમે હવે ઘરે જઈને આંદોલન કરીશું. અમારા લોકોને જ્યાં જ્યાં અન્યાય થશે ત્યાં આંદોલન કરીશું. સરકારે ગોળી મારવી હોય તો મારી દે. અમને હટાવવાનો પ્રયાસ કરશે તો અમે નહીં હટીએ.

ચીન કોરોના મહામારીનો ફાયદો ઉઠાવવાની ફિરાકમાં છે: અમેરિકા

ન્યુ દિલ્હી,તા.૧૯ અમેરિકાના એક વરિષ્ઠ રાજદૂતે જણાવ્યું છે કે, ભારતીય સીમા સહિત અનેક મામલે ચીનની હરકતો પરથી એવું લાગે છે કે ચીન એક નાપાક ષડયંત્ર ઘડી રહ્યું છે. તેમના મતે વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ને લઈને ચીન વિશ્વનું ધ્યાન ભટકાવી રહ્યું છે અને તેનો ફાયદો ઉઠાવી રહ્યો છે. અમેરિકાના પૂર્વ એશિયા અને પ્રશાંત મામલાના સહાયક વિદેશ મંત્રી ડેવિડ સ્ટિલવેલે આ વાત કરી છે.

અમેરિકના સહાયક વિદેશ મંત્રી સ્ટિલવેલે જણાવ્યું છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર ભારત-ચીનની સ્થિતિ પર નજર રાખી રહી છે. સ્ટિલવેલે કોન્ફરન્સ કોલ દ્વારા પત્રકારોને જણાવ્યું કે, ચીનની ભારત પર કરાયેલી કાર્યવાહી તેની ડોકલામ સહિત ભારતીય સીમા પર પહેલાની કેટલીક ગતિવિધિઓની જેમ જ છે.

સ્ટિલવેલે જણાવ્યું કે, એવું લાગી રહ્યું છે કે, હાલ દુનિયાનું ધ્યાન લોકોના જીવ બચાવવા પર છે. ચીન આવા સમયનો ફાયદો ઉઠાવવાના એક તક તરીકે જોઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, અમે ભારત-ચીન સીમા વિવાદ પર નજર રાખી રહ્યા છે.

સંજાણમાં રિક્ષાચાલકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ

ઉમરગામ, તા.૧૯ : સંજાણમાં એક રિક્ષાચાલક ૩.વર્ષ ૫૦ નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી આ રિક્ષાચાલકને વાપી જનસેવા કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે

પ્રાપ્ત સુત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકામાં કોરોનાના અગાઉ ચાર કેસો હતા જેમાં સરઈ માણેકપુરના એક વૃદ્ધનુ મોત થવા પામ્યું છે જ્યારે ત્રણ જણા સારા થઈને ઘરે પરત આવી ગયા છે શુક્રવારે વધુ એક કેસ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં હડકંપ મચી જવા પામી છે ઉમરગામ તાલુકાના સંજાણ ખાતે સંજાણ ઉમરગામ રોડ ઉપર સાગર કાટા સામે ખાના ખજાના હોટલની પાછળ નમપાડા સંજાણ વિસ્તારમાં રહેતા અને ઓટો રીક્ષા ચલાવતા ૫૦ વર્ષના પુરુષ ઈસમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વાપીની જનસેવા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો છે બે દિવસ પહેલા તેની તબિયત લથડતાં ૧૦૮ ની મદદથી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો

ઉમરગામ આરોગ્ય વિભાગની ટીમ સંજાણ ખાતે પહોંચી ટ્રાવેલ હિસ્ટ્રી અને ક્લોઝ કોન્ટેક્ટમાં આવેલાની વિગતો મેળવવા કામગીરી હાથ ધરી હતી જ્યારે ઉમરગામના મામલેતદાર તથા પોલીસ સ્ટાફ પણ પહોંચી જઈ જરૂરી વિસ્તારને કોર્ડન કરવાની કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પોઝીટીવ કેસો નોંધાતા એપી અને કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરાયા

વલસાડઃ તા. ૧૯ઃ વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસો જણાતાં વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર.રાવલે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે મળેલી સત્તાની રૂએ તાત્કાલિક અસરથી કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરી તા.૧૪/૦૭/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના બાલદા, બાવરી ફળિયા વિસ્તારને એ.પી.સેન્ટર તેમજ બાલદા બાવરી ફળિયાના રમેશભાઈ ચંદુ પટેલના ઘરથી મગન નરસિંહ પટેલના ઘર સુધીના કુલ ૨૫ મકાનોનો તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ગ્રામ પંચાયત-બાલદા દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે.

વાપી નગરપાલિકામાં ડુંગરા-યુસુફનગર, બ્રહ્મદેવ મંદિરની બાજુમાં આવેલી મીના ટીચરની ચાલ વિસ્તારને એ.પી.સેન્ટર તેમજ મીના ટીચરની ચાલના કુલ આઠ રૂમના તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ચીફ ઓફિસર-વાપી નગરપાલિકા દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે. પારડી તાલુકાના રેંટલાવ, ઉદવાડા કોસ્ટલ રોડ ઉપર આવેલા ફ્લેટ નં.૧૦૬, પ્રથમ માળ, સાંઈદર્શન રેસીડેન્સી-બી વીંગને એ.પી.સેન્ટર તેમજ સાંઈદર્શન રેસીડેન્સી બી-વીંગનો તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ગ્રામ પંચાયત-રેંટલાવ દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે.

વાપી તાલુકાના કુંતા ગામે આવેલી વેલસ્પન ઈન્ડિયા લી.ના વર્કર કૉલોનીના બ્લોક નંબર ઓ એન્ડ પીને વિસ્તારને એ.પી.સેન્ટર તેમજ બ્લોક નંબર ઓ એન્ડ પી.ના તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ગ્રામ પંચાયત- કુંતા દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડવામાં આવશે.

આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ્યક્તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઈસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરના વ્યક્તિ ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ મુજબ સજાને પાત્ર થશે.

ગલવાન ઝડપઃ ૪ દિવસ બાદ

ચીને ભારતના ૨ મેજર સહિત ૧૦ જવાનોને મુક્ત કર્યા

ન્યુ દિલ્હી,તા.૧૯ પૂર્વ લદાખ સ્થિત ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકોની વચ્ચેના હિંસક સંઘર્ષમાં ચીની સેનાએ ૧૦ સૈનિકોને બંધક બનાવી દીધા હતા. એક રિપોર્ટ મુજબ, ચીની સેનાએ બે મેજર સહિત ૧૦ ભારતીય સૈનિકોને બંધક બનાવી દીધા હતા. આ સૈનિકોને ત્રણ દિવસની વાતચીત બાદ મુક્ત કરાવવામાં સફળતા મળી છે. જોકે, આ વાત ભારતીય સેના તરફથી અધિકૃત નિવેદનમાં જાહેર નથી કરવામાં આવી. આ પહેલા ભારતીય સેનાએ ગુરુવારે તે મીડિયા અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પૂર્વ લદાખની ગલવાન ઘાટીમાં ત્રણ દિવસ પહેલા ચીની સૈનિકોની સાથે થયેલા હિંસક સંઘર્ષ બાદ તેમને કોઈ સૈનિક ગુમ છે. સેનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે, એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કાર્યવાહીમાં કોઈ ભારતીય સૈનિક ગુમ નથી થયા.

એવા પ્રકારના અહેવાલ સામે આવી રહ્યા હતા કે ગલવાન ઘાટીમાં હિંસક સંઘર્ષ બાદ ચીની સેનાએ ભારતીય સેનાના કેટલાક સૈનિકોને કેદ કરી દીધા છે. આ સંઘર્ષમાં ૨૦ ભારતીય સૈનિક શહીદ થયા હતા. ચીને હતાહતોની સંખ્યા હજુ સુધી જાહેર નથી કરી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવએ પણ એક મીડિયા બ્રીફિંગમાં કહ્યું કે સોમવારે થયેલા સંઘર્ષ બાદથી કોઈ ભારતીય સૈનિક ગુમ નથી થયા.

લોકો સોશ્યલ ડિસ્ટેસિંગનું પાલન કરે : કલેકટર

સેલવાસ તા. ૧૯ : સંઘપ્રદેશ દાનહ કલેકટર સંદીપકુમાર સિંહે જણાવ્યું કે, કોરોના સંક્રમણની ચેન તોડવા માટે દરેક લોકોનો સહયોગ જરૂરી છે.ોકોને પ્રશાસન દ્વારા જારી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે. સોશ્યલ ડિસ્ટેન્સ, સેનેટાઈઝ અને માસ્કનો પ્રયોગ જેવી તકેદારી દરેક લોકોએ અપનાવવાની રહેશે. ગાઈડલાઈનનો દુરઉપયોગ કરતા સખત વલણ અપનાવવામાં આવશે.

અઠવાડીયામાં કોરોનાના કેસ વધવાથી કલેકટરે લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી સચિવાલયમાં પત્રકાર પરીષદ રાખી હતી. તેઓએ જણાવ્યું કે, અનલોકના કારણે પડોશી રાજયોથી જીલ્લામાં લોકોની અવર જવર વધી ગઈ છે. જેને લઈ કોરોનાના કેસમાં ઘણો વધારો થયો છે. જો કે સ્થિતિ કાબુમાં છે, તથા બે દર્દીઓને છોડી દરેક અસિમ્ટોમીક છે. કેસ વધવાથી પ્રશાસન પાસે વધારાના બેડ અને દવાની વ્યવસ્થા છે. લોકોએ કોરોનાથી ડરવાનું નથી પણ સાવધાની રાખી કોરોના સામે વિજય મેળવી શકે છે. આગામી ત્રણ મહિના કોરોના માટે ઘણા સંવેદનશીલ થઈ શકે છે, જેમાં આપણે આપણી જવાબદારી સમજવાની રહેશે. તેઓએ જણાવ્યું કે, દાદરામાં આવેલ મહત્તમ કેસ રીકવર કરી દેવાયા છે, તેને ટુંક સમયમાં કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુકિત મળી શકે છે. શહેરમાં કન્ટેનમેન્ટ વિસ્તાર વધીને ૪ થઈ ગયા છે તથા સક્રમિતોના સંપર્કમાં આવેલ દરેક લોકોના સેમ્પલ ચેક કરવામાં આવી રહયા છે. મહત્તમ કેસની પાછળ ટ્રાવેલ હિસ્ટ્રી મુખ્ય કારણ છે. પરિસ્થિતિઓને જોતા ગર્ભવતી મહિલાઓ અને વડીલોને જરૂરીયાત રહે તો જ ઘરની બહાર નીકળવાની સલાહ આપી છે. દુકાનોમાં સોશ્યલ ડિસ્ટેન્સ અને અન્ય સુવિધાઓની અનદેખી કરતા સખત વલણ અપનાવાશે. સોસાયટીઓમાં એક સાથે મિટીંગ, રમત ગમત જેવી ગતિવિધિઓ પર અંકુશ જરૂરી છે. સાંજે ૭ કલાકથી સવારે ૭ કલાક સુધી કારણ વગરની મુવમેન્ટ પર સંપૂર્ણ અંકુશ છે. અહી સુધી કે હોટલ, ભોજનાલય, ટી-સ્ટોલ વગેરે પર ઉભા રહીને ચા-પાણી અને બ્રેકફાસ્ટ કરવા પર દંડ લગાવવામાં આવશે. કલેકટરની સાથે સેલવાસ આરડીસી અપૂર્વ શર્મા અને પોલીસ અધિક્ષક શરદ ભાસ્કર દરાડે ઉપસ્થિત રહયા હતા.

ચીખલીમાં પોલીસે માસ્ક વગર ફરતાની સામે કાર્યવાહી શરૂ કરી

ચીખલી,૧૯ : ચીખલી તાલુકામાં કાયદો અને વ્યવસ્થા ની સાથે સરકાર દ્વારા પોલીસને કોવિડ-૧૯ હેઠળ જાહેરમાં માસ્ક વગર ફરતા હોય તેવા પાસેથી રૂપિયા ૨૦૦ સ્થળ દંડ વસુલવા ની કામગીરી સોપતા ચીખલી પોલીસે ત્રણ દિવસમાં ૧૫,૦૦૦ ની વધુ ની રકમ વસુલ કરી છે.

ચીખલી તાલુકામાં કોરોના વાયરસ ના પગલે પોલીસ દ્વારા ચુસ્ત કામગીરી કરવામાં આવી હતી.જેની સાથે સાથે ટુવ્હીલર અને ફોરવ્હીલર વાહનોને પણ કામ વગર નીકળતા હોય તેવા વાહન ચાલકોને આર.ટી.ઓ નો મેમો આપી જેમાં પણ સારી એવી કામગીરી કરી લાખો રૂપિયાની આવક સરકાર ને મેળવી આપી છે.ત્યારે સરકાર દ્વારા માસ્ક વગર જાહેરમાં ફરતા હોય તેવા વ્યક્તિઓને પકડી પાડી સ્થળ ઉપર રૂપિયા ૨૦૦ દંડ વસુલવાનુ જણાવતા ચીખલી પોલીસે છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન વિવિધ જગ્યાઓ પર ઉભા રહી વાહનો ઉપર તેમજ રોડ ઉપર માસ્ક પહેરવા વગર જતા આવતા હોય તેવા લોકોને પકડી પાડી રૂપિયા ૨૦૦ નો દંડ વસુલ કર્યો હતો.જે દંડ ત્રણ દિવસ દરમ્યાન રૂપિયા ૧૫,૦૦૦થી વધુ જેટલો વસુલવામાં આવ્યો છે.

કેન્દ્ર પાસે માગ્યો જવાબ

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટઃ સુપ્રીમે કામ અટકાવવાનો ઈનકાર કર્યો

ન્યુ દિલ્હી,તા.૧૯ સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પરના ગ્રાઉન્ડ વર્ક પર કામ રોકવાની મનાઈ કરી કરી હતી અને સરકારને ચેતવણી આપી હતી કે, જ્યાં સુધી આ મામલો કોર્ટમાં પેન્ડિંગ રહશે, ત્યાં સુધી ત્યાં કામ ચાલુ રાખવામાં આવશે. કોર્ટે આ મામલે કેન્દ્ર અને અરજદારને ફરીથી જવાબ દાખલ કરવા જણાવ્યું છે. જસ્ટિસ એ એમ ખાનવિલકર, ન્યાયમૂર્તિ દિનેશ મહેશ્વરી અને ન્યાયાધીશ સંજીવ ખન્નાની બનેલી ખંડપીઠ, રાજીવ સુરી દ્વારા દાખલ કરેલી પીઆઈએલ પર સુનાવણી કરી રહી હતી. જેમણે દલીલ કરી હતી કે, જમીનના ઉપયોગમાં ગેરકાયદેસર ફેરફાર થઈ રહ્યો છે, જે લોકોને ઉપજાવ જમીનથી વંચિત રાખે છે. આશરે ૮૬ એકર જેટલો વિસ્તાર ધરાવતો આ પ્રોજેક્ટ ૨૦૨૨ સુધીમાં મધ્ય દિલ્હીમાં નવી સંસદ, સામાન્ય સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓ બનાવવાનો છે. કારણ કે, સરકાર માટે વર્તમાન માળખાકીય સુવિધાઓ પૂરતી નથી. સુરીના વકીલે અદાલતને જણાવ્યું હતું કે, પર્યાવરણ મંજૂરી સમિતિ સમક્ષ કેટલાક આદેશ બાકી છે. તદુપરાંત, તે પોતાની અરજીમાં સુધારો કરવા માંગે છે. તેમણે સર્વોચ્ચ અદાલતને પ્રોજેક્ટ પર સ્ટે મુકવા વિનંતી કરી છે.

(પાના નં.૦૧નું ચાલું.... સંજાણ કેળવણી મંડળે .....

હોવાની ઉઠેલી ચર્ચા વચ્ચે ઉમરગામ તાલુકાની સંજાણ કેળવવી મંડળ સંચાલિત લીટલ એન્જલ પ્રિસ્કૂલ તથા માડીબાઈ સરદારમલ ડાકલે સ્કૂલ (અંગ્રેજી માધ્યમ- ધો. ૧ થી ૫) જે હાલ ખુબ જ નજીવી ફી રૂ. ૩૦૦ થી ૪૫૦ લઈ ચલાવવામાં આવી રહી છે. જેમાં દર વર્ષે સ્પોર્ટસ ડે તથા સાંસ્કૃતિક ડે ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. જેમાં ભણતાં કુલ ૧૩૫ વિદ્યોર્થીઓની કુલ ૫ માસની ફી ના રૂ. ૨.૭૦ લાખ માફ કરવાનો નિર્ણય શાળાના પ્રમુખ મગનલાલ સરદારમલ શાહ તથા શાળા સંચાલક પ્રિયા આનંદ શાહ સાથે મળીને લીધો હોવાનું જાણવા મળેલ છે.

'દમણગંગા ટાઈમ્સ' દૈનિક હવે ઈન્ટરનેટ પર pdfમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.
લોગઓન કરોઃ
www.damangangatimes.com

DOOR TO DOOR SERVICE
E*Z Clean CAR WASH
INTERIOR & EXTERIOR
OUR SERVICES
STEAM WASH | BODY POLISH/SHINING | DASHBOARD CLEANING
LEATHER /FABRIC CONDITIONING | SOFA STEAM & VACCUM CLEANING | OFFICE SPACE CLEANING
HOME SERVICE
OFFICE, SOFA & CARPET CLEANING
To Book an appointment call :
7567190447, 7284002401

SHASHIJIT INFRAPROJECTS LIMITED
CIN: L45201GJ2007PLC052114
Registered Office: Plot No. 209, Shop No. 23, 2nd Floor, Girnar Khushboo Plaza, GIDC, Vapi-396195, Gujarat, India.
Tel. No. 0260-2432963
W: www.shashijitinfraprojects.com
E: info@shashijitinfraprojects.com
-----NOTICE-----
અહીં સૂચના આપવામાં આવી છે કે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર આવશ્યકતાઓ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૭ સાથે નિયમ ૨૯ ને અનુસરતા શશીજીત ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સભા મંગળવાર, ૩૦ જૂન, ૨૦૨૦ ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં ૩૧ માર્ચ, ૨૦૨૦ ના રોજ પૂરા થયેલા અડધા વર્ષ અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામોને ધ્યાનમાં લેવા અને મંજૂરી આપવા માટે યોજાવાની છે.
સૂચના કંપનીની વેબસાઈટ www.shashijitinfraprojects.com પર અને BSE ની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.
બોર્ડના ઓર્ડર દ્વારા
શશીજીત ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ માટે
તારીખ : ૨૦ જૂન ૨૦૨૦
સ્થળ : વાપી.
Sd/-
મેઘન ડી. શાહ
Company Secretary & Compliance Officer

અરજન્ટ જોઈએ છે
આફ્રિકા માટે : વેલ્ડર, સ્ટ્રક્ચર અને ટીક વેલ્ડર
દુબઇ માટે : ટીસ્યુ પેપર કંપની માટે હેલ્પર, હાઉસમેન, સ્ટીંગ, કારપેઇન્ટર, મેશન, બ્યુટીશ્યન
ઓમાન મસ્કટ માટે : પ્લમ્બર, ઇલેક્ટ્રીશ્યન, એ.સી.ટેક્નીશ્યન
જોર્ડન ગારમેન્ટ કંપની માટે : ટેલર
પાસપોર્ટ, વિઝા, ઇન્ટરનેશન એર ટિકિટ, પીસીસી, ટુર પેકેજ, ઇમીગ્રેશન, વર્ક પરમીટ
દુર્ગા એર ટ્રાવેલ કન્સલ્ટન્ટ
WESTERN UNION MONEY TRANSFER
દુનિયાના કોઈ પણ દેશમાંથી ઝડપી પૈસા મેળવો.
લક્ષ્મી ટોકીઝ સામે, સ્ટેશન રોડ, વલસાડ. (વેસ્ટ)
મો. : 9824121495, 8866411895
E-mail : durga.travels24@yahoo.com / durga.travel88@gmail.com

મહાલક્ષ્મી જ્યોતિષ
M. 99780 90497
શું તમારું કાર્ય કોઈ નથી કરી આપતા, તો હું કરી આપીશ
પેઢી દર પેઢી સેવા આપતા મહારાજ..
દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત, જૂના અને જાણીતા વિશ્વાસ પાત્ર સ્થળ
ઘરમાં બરકત, લક્ષ્મી ટકતી નથી, ધારેલા કામ થતા નથી. દરેક કાર્યમાં વિઘ્ન, શત્રુ નાશ, શત્રુથી વિજય, ખોટી હેરાનગતી, ખોટા વહેમ, આજુ-બાજુનો ઝઘડો, ગુપ્તધન, ગૃપ્ત બિમારી, સફેદ ડાઘ, સાસુથી દુઃખી, પતિથી દુઃખી, પત્નીથી દુઃખી, બીમારી, ફ્લેટ, મકાન, વેચાણ, ભાડુતી તકરાર, વિશ્વાસઘાટ, મગજ, યાદશક્તિ, છૂટાછેડા, ઘરકંકાસ, સંતાનયોગ, વિદેશ જવું છે ? ફાઇલ મુકેલી છે ? વિઝા ફાઇલ નીકળી નથી, વિદેશયોગ, (સિટીઝન)
ઉમર વધી ગઇ છતાં લગ્ન ન થવાનું કારણ શું ? એનો નિરાકરણ
પ્રેમી પંખીડા, છોકરા-છોકરી ઘરેથી નાશી ગયા હોય તો પાછા લાવવા માટે મળો. બહારથી પરસ્ત્રી સાથે આડા સંબંધ, સૌતનથી છુટકારો, દારૂ દરેક વ્યસન છોડાવો, લવ-મેરેજ, મનગમતા લગ્ન, મન પસંદ જીવન સાથી, મનગમતા પ્રેમી-પ્રેમિકા, પ્રેમી-પ્રેમીકાને તુટેલો સંબંધ જોડવા માટે ખાસ મળો. દરેક વાત ખાનગી રહેશે. વજન ઘટાડો, વધારો, લંબાઇ વધારો, NIR ફોન ઉપર ખાસ કામગીરી લેવામાં આવશે.
દારૂ છોડાવો-દારૂ પીવાવાળાને કહ્યા વગર છોડાવવા માટે મળો.
જ્યોતિષ, ભુવા, ભગતનું કામ વારંવાર મારું કરેલું કામ એકવાર, પહેલા સંબંધ હતો, હવે નથી, ફરીથી સંબંધ જોડવા માટે સંપર્ક કરો.
વારંવાર રૂપિયા બગાડવા છતાં કામ ન થયું હોય તો હું કરી આપીશ
માતા અને બહેનો પોતાનું ઘર મંદિર સમજીને આવો.
સ્થાયી મહારાજ-ફેમીલીવાળા સમય : સવારે ૮ થી રાત્રે ૮
કાયમ આખો દિવસ મળશે.
૧૦૨, અમૃત એપાર્ટમેન્ટ, વખારીયા હોલની સામે, શાકભાજી માર્કેટ વલસાડ. M. 99780 90497 એપોઇન્ટમેન્ટ લઈને મળો

મહાકાલી જ્યોતિષ, વાપી-M. : 9978243825
ફેમીલીવાળા સ્થાયી મહારાજ
પેઢી દર પેઢી સેવા આપતા મહારાજ....
A to Z સમસ્યા ના સમાધાન માટે વાપીનું વિશ્વાસપાત્ર સ્થળ
સમસ્યા લાવો સમાધાન લઇ જાઓ
દક્ષિણ ગુજરાતનાં જુના અને જાણીતા
ઉંમર વધી ગઇ છતાં લગ્ન ન થવાનું કારણ શું ? નિરાકરણ માટે મળો.
દારૂ છોડાવો. દારૂ પીવા વાળાને કહ્યા વગર છોડાવવા માટે મળો.
ઘરમાં બરકત, લક્ષ્મી ટકતી નથી, ધારેલા કામ થતા નથી. દરેક કાર્યમાં વિઘ્ન, ખોટી હેરાગતિ, ખોટા વહેમ, સામાજીક/સાંસારિક ઝઘડા, સગાઈ-લગ્નમાં રૂકાવટ, વિદેશ યોગ, છુટા છેડા, જન્મ પત્રિકા, કાલસર્પ દોષ, ગૃહ દોષ, લક્ષ્મી યોગ, કુંડળીમાં દોષ, વ્યસન મુકિત તથા દરેક પ્રકારની સમસ્યાનાં સામાધાન માટે મળો.
NRI સમસ્યા માટે સ્પેશ્યાલીસ્ટ
વિદેશ યોગ, વિઝા માટે માર્ગદર્શન
એક તરફી પ્રેમ, તુટેલા સંબંધ જોડો, લવ પ્રોબ્લેમ, મન ગમતા પાત્ર સાથે લગ્ન.
માતા અને બહેનો પોતાનું ઘર-મંદિર સમજીને મળો, ફેમીલીવાળા સ્થાયી મહારાજ
ફ્લેટ નં. 4, અર્પણ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, જલારામ સોસાયટીની સામે, આશીયાના ચાર રસ્તા, કસ્ટમ રોડ, વાપી (વેસ્ટ) M. 9978243825
મળવાની ફી રૂ. 51/-
ફોન પર અપોઇમેન્ટ લઇને મળો.

આધુનિક મશીનો દ્વારા
ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
દરેક પ્રકારના મકાનો ને આકર્ષક કલર કામ કરી આપનાર
અરવિંદ પટેલ, વલસાડ મો. 81402 20205

SALE
50 % OFF
દરેક વેરાયટીઓ પર મેળવા
જબરદસ્ત ડિસ્કાઉન્ટ SALE
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાતનામ કંપનીઓની ઓલ સીઝન ફેન્સી વેરાયટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઇસ્કુલ સામે, બેચરરોડ, વલસાડ

સેલ.. સેલ.. સેલ.. સેલ..
MAYUR FOOTWEAR
AC Showroom
Bata | Lakhani SHOES | action | Paragon
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ ફોનઃ 241042